**ખંભાત નગરપાલિકા, ખંભાત**

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૨૨**

**તારીખ.૩૦–૧૦–૨૦૨૪**

આથી ઠરાવ કરવામાં આવે છે કે ચીફ ઓફીસરશ્રી અને પ્રમુખશ્રીનો રીપોર્ટ અને ભલામણ વંચાણ લેતા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૧૩ તારીખ. ૧૭–૧૦–૨૦૨૪ થી માદળા તળાવ પાસે આવેલ ચકડોળ ગ્રાઉન્ડમાં દિવાળી મેળા માટે ગ્રાઉન્ડમા પ્લોટ પાડી જે જાહેર હરાજીથી આપવા શરતો નકકી કરેલ તે મુજબ પ્લોટો હરાજીથી આપેલ છે અને ગ્રાઉન્ડ વચ્ચેની જગામાં નાના ચકડોળ, મીની ટ્રેન, ખાણી પીણીના સ્ટોલ વિગેરે માટે પ્લોટો રાખનારને હરાજી વગર વચ્ચેની જગાની અપસેટ કીંમત રૂપીયા. ૨,૦૦,૦૦૦/– અંકે રૂપીયા બે લાખ પુરા રાખેલ છે તેના ઉપર જે વધારે કીંમત આપે તેને ફાળવણી કરવા નકકી થયેલ પરંતુ ચકડોળ ગ્રાઉન્ડમાં દિવાળી મેળો કરવાની મંજુરી માટે સરકારશ્રીના જુદા–જુદા વિભાગમાં લાઈટ કનેકશન, પોલીસ બંદોબસ્ત વિગેરે કાર્યવાહી ટુંક સમયમાં કરવામાં રોકાયેલ હોવાથી આ વચ્ચેની જગાની ફાઈનલ કાર્યવાહી થઈ શકેલ નથી જેથી હરાજીની શરત નંબર.૨૦ માં નકકી થયા મુજબ નીચે મુજબની શરતમાં સુધારો વધારો કરવા નકકી કરવામાં આવે છે.

શરત નંબર. (૨૭) ચકડોળ ગ્રાઉન્ડમાં દિવાળી મેળા માટે ગ્રાઉન્ડની વચ્ચેની જગામાં નાના ભુલકાઓ માટે આઈટમો જેવી કે નાના ચકડોળ, જંપીગ, મીની ટ્રેન, વોટર બોટીગ, ખાણી પીણીના નાસ્તાના સ્ટોલ, હાથલારી વિગેરે દિવાળી મેળા માટે ખુલ્લી જગા (નકશામાં જણાવેલ રસ્તા સિવાય) ની અપસેટ કીંમત રૂપીયા. ૨,૦૦,૦૦૦/– અંકે રૂપીયા બે લાખ પુરા તથા આ અંગેની હરાજી ડીપોઝીટ લીધા સિવાય સદર ખુલ્લી જગા દિવાળી મેળા માટે ચકડોળ ગ્રાઉન્ડના પ્લોટ રાખેલ હોય તેઓને ખુલ્લી જગા ફાળવણી કરવા અંગે પ્લોટ રાખેલ અરજદારને રૂબરૂ બોલાવી અપસેટ કીંમત કરતાં લેખીતમાં વધુ જણાવેથી ખુલ્લી જગાની ફાળવણી કરવી લાઈટ બીલ લાયસન્સ ફી ના ધારકે ભરવાની રહેશે.

તેને બદલે નીચે જણાવેલ મુજબ કાર્યવાહી કરવા ઠરાવવામાં આવે છે.

(૧) ચકડોળ ગ્રાઉન્ડમાં દિવાળી મેળા માટે વચ્ચે ખુલ્લી જગામાં જે મનોરંજન આઈટમ તથા હાથલારી, ખાણીપીણીના સ્ટોલ વિગેરે માટે આઈટમ દીઠ ખુલ્લી જગાના પ્રતિ ચોરસ ફુટે રૂપીયા.૫–૨૫ પૈસા અંકે રૂપીયા..પાંચ – પચ્ચીસ પૈસા પુરા દૈનીક લાયસન્સ ફી જી.એસ.ટી સાથે વસુલ લેવી.

(૨) સદર દૈનીક લાયસન્સ ફી ની વસુલાતની કામગીરી નગરપાલિકાના સ્ટાફ મારફતે કરવી.

(૩) જે દિવસથી ખુલ્લી જગામાં લાઈટ ચાલુ કરેલ હોય તે દિવસથી લાઈટ ચાલુ રાખે તે દિવસો સુધીની દૈનીક લાયસન્સ ફી વસુલ લેવી.

(૪) ચકડોળ ગ્રાઉન્ડમાં દિવાળી મેળા માટે જે પ્લોટની હરાજી જે અરજદારે પ્લોટ રાખેલ છે તે સોળ (૧૬) પ્લોટના લાયસન્સીને જેને જોયતી હોય તેઓને વચ્ચેની ખુલ્લી જગાની ફાળવણી કરવી. તથા લાયસન્સીઓ એ તમામ પ્રકારની કાર્યવાહી કરવા વિરલભાઈ પ્રવિણચંદ્ર પીઠવા રહેવાસી. સુરેન્દ્રનગર વાળાને સંમતી આપેલ હોઈ ખુલ્લી જગામાં મનોરંજન આઈટમ, હાથલારી, ખાણીપીણીના સ્ટોલ વિગેરેની દૈનીક લાયસન્સ ફી વિરલભાઈ પ્રવિણચંદ્ર પીઠવા ના નામે વસુલ લેવામાં આવશે અને તે પાવતીમાં હસ્તે નાણાં ભરનારનું નામ લખવાનું રહેશે.

(૫) ચકડોળ ગ્રાઉન્ડમાં ખુલ્લી જગામાં મનોરંજન આઈટમમાં સ્ટોલમાં જાન–હાની–નુકશાન વિગેરેમાં આ પ્રકારનો કોઈપણ બનાવ બનશે કે અકસ્માત સર્જાશે તો તેની સંપુર્ણ જવાબદારી ખુલ્લી જગા વાપરનારની રહેશે. આ બાબતે નગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.

(૬) ચકડોળ ગ્રાઉન્ડ દિવાળી મેળા માટે જે ચકડોળ ગ્રાઉન્ડ ઉપર જવાના જે રસ્તાઓ છે તે રસ્તાઓની જગ્યાની આજુ બાજુમાં મનોરંજન આઈટમ તથા હાથલારી,ખાણીપીણીના સ્ટોલ વિગેરે આઈટમ દિઠ ખુલ્લી જગાના પ્રતિ ચોરસ ફુટે રૂપીયા.૩–૫૦ પૈસા અંકે રૂપિયા ત્રણ–પચાસ પૈસા પુરા.દૈનીક લાયસન્સ ફી જી.એસ.ટી સાથે ભરપાઈ કરવાની રહશે.

(૭) ખુલ્લી જગામાં મનોરંજન આઈટમો, ખાણીપીણી સ્ટોલ વિગેરેમાં ઈલેકટ્રીક બીલ ભરવાની ખુલ્લી જગા વાપરનારે ભરવાની રહેશે.

(૮) આ ઉપર જણાવેલ તમામ શરતો પૈકીની કોઈપણ શરતમાં સુધારો વધારો કરવાની તમામ સત્તા એકઝીકયુટીવ કમીટીને રહેશે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. કામીનીબેન હિરેનકુમાર ગાંધી
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય
સહી. નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# <u>ખંભાત નગરપાલિકા,ખંભાત</u>

## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૨૩</u>

## <u>તારીખ.૩૦–૧૦–૨૦૨૪</u>

**આથી ઠરાવવામાં આવે છે કે સ્થંભતીર્થ કોમ્પલેક્ષમાં લગાવેલ મોટી લીફટ બંધ છે.મેરેજ સીજન હોવાથી એ.સી.હોલ, નોન એ.સી.હોલ તથા રૂમો બુકીંગ હોવાથી મોટી લીફટ ના ઓર્થો.ડીલર EX ELEVATOR COMPANY,ANAND ને બોલાવી સદર લીફટ રીપેરીંગ કરવાની કામગીરી નો અંદાજીત ખર્ચ રૂપિયા.૭૧,૦૦૦/–થાય તેમ છે. જે મંજુર કરવામાં આવે છે અને તેના નાણાં સત્વરે ચુકવી આપવા મંજુર.**

**સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**
**સહી. કામીનીબેન હિરેનકુમાર ગાંધી**
**સહી. સોનલબેન નિતીનકુમાર જોષી**
**સહી. શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય**
**સહી. નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ**
**સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ**
**સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા**
**સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા**
**સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય**